જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૧૧/૨૦૧૪ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તેમજ જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૮૫૫/૧૪

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૬ કેસ કરી ૬૭ વ્યક્તિઓને ઝડપી ૧૦૩૨ લીટર દેશી દારૂ, ૬૩ બોટલ ઇગ્લીશ દારૂ, ૪૧૬ ક્વોટર ઇગ્લીશ દારૂ, ૨૪૦ બિયર ટીન, ૦૨ સ્કુટર, ૦૨ મોટર સાયકલ અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૪૭૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૮૫૬/૧૪

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહિ ૯૩ મુજબ ૨૧ વ્યક્તિઓની અને પાસા મુજબ ૧૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## સૃષ્ટિક્રમ વિરૂધ્ધનું કૃત્ય કર્યા અંગેની ફરીયાદ :- સમાચાર યાદી નં.૨૮૫૭/૧૪

**બાપુનગર :** બાપુનગર વિસ્તારમાં રહેતા ૧૩ વર્ષના બાળક સાથે તા.૧૮/૧૧/૧૪ સાંજનાં ૬/૦૦ થી ૭/૦૦ વાગ્યા દરમ્યાન આરોપી મૌલાના તસલીમ ઝબા (હાલ રહે.ગોધરા જકાત નાકા અસરફી મસ્જીદ પાસે ગોધરા) બાળકને બાપુનગર વિસ્તારમાં આવેલ મસ્જીદના બાથરૂમમાં લઇ જઇ, ગળું દબાવી, લાફા મારી જાનથી મારી નાખવાની ધમકી આપી, સૃષ્ટિક્રમ વિરૂધ્ધનું કૃત્ય કર્યુ હતુ. આ ગુનાની ફરીયાદ બાળકની માતાએ તા.૨૦/૧૧/૧૪ નારોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.આર.વસાવા ચલાવે છે.

## અપહરણઃ- સમાચાર યાદી નં.૨૮૫૮/૧૪

**જી.આઇ.ડી.સી.વટવા :** માયાભાઇ રત્નાભાઇ ભરવાડ (રહે,મચ્છુનગર પાવર હાઉસની સામે, વેરા પાસે, જી.આઇ.ડી.સી.વટવા) એ જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૧૧/૧૪ બપોરનાં ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાની પુત્રી જનકબહેન (ઉ.વ.૧૭) ને ઘર નજીકથી આરોપી સુરેશભાઇ મફાભાઇ ચૌધરી(રહે.બ્રહ્માણીનગર શાહવાડી) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.ડી.ચૌધરી ચલાવે છે.

**લુંટ :-** **સમાચાર યાદી નં.૨૮૫૯/૧૪**

**સોલા હાઇકોર્ટ :** પ્રકાશભાઇ કાન્તીભાઇ ચૌધરી (ઉવ.૨૩)(રહે.ડોશીવાડાની પોળ, રતનપોળ, કાલુપુર) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૧૧/૧૪ સવારનાં ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાની સાથે નોકરી કરતા સુરેશભાઇ ઉર્ફે જેઠો રાજુજી ચૌહાણ સાથે એક્ટીવા ઉપર બેસી ચાંદલોડીયા શ્રીજી ફ્લેટમાં રહેતા પોતાના શેઠના ભાગીદાર ડી.સી.પટેલના ઘરેથી બે સ્કુલબેગમાં કુલ રૂ.૭૫,૦૦,૦૦૦/- લઇને નવરંગપુરાવાળી આંગડીયા પેઢી ખાતે જતા હતા, દરમ્યાન ચાંદલોડીયા શ્રીદર્શન એપાર્ટમેન્ટ પાસે આવેલ સોપાન શરણમ ફ્લેટનાં દરવાજા આગળ રોડ ઉપર, બે કાળા રંગના મોટર સાયકલ ઉપર આવેલ પાંચ અજાણ્યા ઇસમો (પાતળા બાંધાના અને પેન્ટ-શર્ટ પહેરેલ) પ્રકાશભાઇની એક્ટીવા ઉભી રખાવી, શીટ ઉપર મુકેલ નાણા ભરેલ સ્કુલ બેગનો થેલો ઝુંટવી લઇ તેમજ બીજો થેલો એક્ટીવાના આગળના ભાગે મુકેલ, જે થેલો સુરેશભાઇએ પકડી રાખતા, એક ઇસમે તેની પાસેના રીવોલ્વર જેવા હથીયારથી સુરેશભાઇને મારી નાખવાના ઇરાદે એક રાઉન્ડ ફાયરીંગ કરી, સુરેશભાઇને પીઠના ભાગે જીવલેણ ઇજા કરી કુલ રૂપિયા ૭૫,૦૦,૦૦૦/- ની લુંટ કરી નાસી ગયા છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.વી.ગોહિલ ચલાવે છે.

**છેતરપીંડી :-** **સમાચાર યાદી નં.૨૮૬૦/૧૪**

**કાગડાપીઠ :** મૃગેશભાઇ પ્રવીણભાઇ શાહ (રહે.નહેરૂપાર્ક સોસાયટી, ભૈરવનાથ રોડ મણીનગર) એ તા.૨૦/૧૧/૧૪ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આરોપી વિક્કીભાઇ ડી.એલાની (રહે.મંગલદીપ એપાર્ટમેન્ટ, "જી" વોર્ડ, કુબેરનગર) તા.૨૩/૬/૧૪ નારોજ સારંગપુર ખાતે આવેલ મૃગેશભાઇની હર્ષદા એન્ટરપ્રાઇઝ નામની દુકાનમાંથી કાપડનો માલ કિંમત રૂપિયા ૫,૫૧,૪૧૨/- ખરીદ કરી લઇ જઇ તે પેટેનાં નાણાં આજદીન સુધી નહીં ચુકવી મૃગેશભાઇ સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જી.એમ.મકવાણા ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૨૮૬૧/૧૪**

**કારંજ :** રાહુલસિંગ લક્ષ્મીસિંગ સિંઘ (રહે.ગામ: અધોરળા, પો.જીરોલી, થાના: અંગલાસ, જી.અલીગઢ, ઉત્તરપ્રદેશ) એ તા.૨૦/૧૧/૧૪ નારોજ કારંજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૧૧/૧૪ બપોરનાં ૨/૧૫ વાગ્યાના સુમારે રીલીફ રોડ એલ.આઇ.સી. બિલ્ડીંગની ગલી પાસે, એક્સીસ બેંકના એટીએમ.નજીકથી પોતાનાં પાણી ચકાસણી કરવાના સાધનો ભરેલ ટ્રોલી બેગ કિંમત રૂપિયા ૧૨,૦૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.જે.પાંડોર ચલાવે છે.

**વાહનચોરી :-** **સમાચાર યાદી નં.૨૮૬૨/૧૪**

**જી.આઇ.ડી.સી.વટવા :** કલીમહૈદર સફિહસન સૈયદ (રહે.બિસમીલ્લાહનગર, સૈયદવાડી સકુરી મસ્જીદની બાજુમાં, વટવા) એ તા.૧૯/૧૧/૧૪ રાતનાં ૯/૩૦ વાગ્યાના સુમારે જી.આઇ.ડી.સી.વટવા ફેઝ-૪ પાસે આવેલ એસ.વી.કેમીકલ કંપનીના ગેટ આગળ પોતાની આઇશર ટ્રક નંબર જીજે.૧.ડી.વી.૧૧૯૫ કિંમત રૂપિયા ૧૦,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૨૦/૧૧/૧૪ સવારનાં ૬/૦૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ કલીમહૈદર સૈયદે વટવા જી.આઇ.ડી.સી. પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.ઠાકોર ચલાવે છે.

**શહેરકોટડા :** મોહંમદશહિદ કાસમભાઇ કુરેશી (રહે.કુરેશી મહોલ્લો, ગામ: પડાલ, તા.ઠાસરા, જી.ખેડા) એ તા.૨૦/૧૧/૧૪ નારોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૧૧/૧૪ નાં કલાક ૨/૦૦ થી ૬/૦૦ વાગ્યા દરમ્યાન સરસપુર, રેલવે કોલોની પાસે પોતાની ઓટોરીક્ષા નંબર જીજે.૭.ડબલ્યુ. ૬૨૦૫ કિંમત રૂપિયા ૭૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી કોઇ અજાણી વ્યક્તિ કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.આર.મકવાણા ચલાવે છે.

<u>**વાહન અકસ્મતમાં મૃત્યુ :-**</u> <u>**સમાચાર યાદી નં.૨૮૯૩/૧૪**</u>

**કાગડાપીઠ :** વિજયભાઇ દિવાનભાઇ કોહરામ (ઉ.વ.૩૬)(રહે.કિશનગઢ, લાલઘોડા, બિહાર) તા.૧૯/૧૧/૧૪ રાતનાં ૯/૦૦ વાગ્યાના સુમારે ગીતામંદિર એસ.ટી.સ્ટેન્ડ પાસે ભાગ્યોદય હોટલ સામેથી ચાલતાં પસાર થઇ રહ્યા હતા ત્યારે અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન બેદરકારીથી ચલાવી વિજયભાઇને ટક્કર મારતાં શરીરે ગંભીર ઇજાઓ થતાં સારવાર અર્થે તેમને હોસ્પીટલમાં લઇ જતાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે કાગડાપીઠ પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એમ.બરંડા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર
પોલીસ કમિશનર વતી.